મહત્તમ : ૪૦.૬ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૧૭ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં છેલ્લા સપ્તાહથી રોજના દોઢસો દસ્તાવેજ થાય છે

ગાંધીનગરની આસપાસના ડેવલપમેન્ટ વિસ્તારના દસ્તાવેજ સૌથી વધુ

ગાંધીનગર, તા.૨૮

સમગ્ર રાજયમાં વેપાર ધંધામાં મંદીનું મોજુ ફરી વળ્યું હોય તેમ લાગી રહ્યું છે. પરંતુ રાજયના પાટનગરમાં કયાય મંદીની અસર જોવા મળતી નથી. માર્ચ એન્ડીંગના દિવસોમાં સ્ટેમ્પ ડયુટી નોંધણીની કચેરી ખાતે છેલ્લા એક સપ્તાહથી રોજના દોઢસો થી વધુ જમીનના લે-વેચના દસ્તાવેજ થાય છે. ત્યારે અત્યારે હાલ ગાંધીનગર કલેકટર કચેરી ખાતે આવેલ સ્ટેમ્પ ડયુટીની કચેરી ખાતે દસ્તાવેજ માટે નાગરીકોની ભારે દોડધામ જોવા મળી રહી છે. દસ્તાવેજ માટે ટોકન મેળવવા પણ પડાપડી થઈ રહી છે. ત્યારે સવાર થી સાંજ સુધી સબ રજીસ્ટ્રારની કચેરી નાગરીકોથી ધમધમી રહી છે. ત્યારે નાણાકીય વર્ષના અંતિમ મહિનામાં નાગરીકોને દસ્તાવેજ નોંધણી કરાવવામાં અગવડતા ન પડે તે માટે રાજય સરકારે બે જાહેર રજા પણ કેન્સલ કરી રાબેતા મુજબ સબ રજીસ્ટ્રારની કચેરી શરુ રાખવાનો નાગરીક સુવિધાલક્ષી નિર્ણય લેવાયો છે.

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ ખાતે આવેલ સબ રજીસ્ટ્રારની કચેરી ખાતે સવારથી સાંજ સુધી નાગરીકોની ભારે ભીડ

જોવા મળે છે. નાણાકીય વર્ષના અંતિમ મહિનામાં જમીનના દસ્તાવેજ માટે ભારે દોડધામ મચી છે. શહેરના કુડાસણ, રાયસણ, રાંદેસણ, અંબાપુર, ભીમજીપુરા, કોબા, પોર, સરગાસણ, અડાલજ, વાવોલ, કોલવડા, મોટી આદરજ, સહિતના ડેવલપમેન્ટ વિસ્તારના દસ્તાવેજ સૌથી વધુ થાય છે. આમ તો સમગ્ર રાજયમાં મંદી હોવાની ચોતરફ બુમ ઉઠવા પામી છે. વેપાર-ધંધામાં વેપારીઓ જોઈએ તેટલો વેપાર ન થતો હોવાથી બુમ પાડતા નજરે પડે છે. ત્યારે ગાંધીનગર-અમદાવાદના વચ્ચેના પટ્ટાની જમીનના ભાવ ઉંચકાતા જમીન સોના સમાન બની જવા પામી છે. સબ રજીસ્ટ્રારની કચેરી ખાતે છેલ્લા એક સપ્તાહથી રોજના દોઢસોથી વધુ દસ્તાવેજ થાય છે. જયારે કયારેક તો ટોકનનો આંક ૧૮૦ ને પણ પાર થઈ જાય છે. સવાર થી સાંજ સુધી દસ્તાવેજની કચેરી વેચાણ તેમજ લેનારથી ધમધમી ઉઠે છે. ટોકન મેળવવા માટે પણ નાગરીકો પડાપડી કરતા હોય છે. ત્યારે સબ રજીસ્ટ્રારના કર્મચારીઓની હાલત પણ કફોડી બની જવા પામે છે. અધિકારી-કર્મચારીઓ ને જમવાનો પણ સમય નથી રહેતો તેઓએ નોકરી દરમિયાન સામાન્ય નાસ્તો કરીને કચેરીનું કામ ઝડપી કરવુ પડે છે. રાજય સરકારે પણ નાગરીકોની સુવિધા માટે રાજયની તમામ સબ રજીસ્ટ્રારની કચેરી બે દિવસ ખુલ્લી રાખવાનો મહત્વનો નિર્ણય લીધો છે.

@ગાંધીનગર

● સે-૧૩ સી વસાહત મંડળ અને વિવેકાનંદ કેન્દ્રના ઉપક્રમે યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૬ થી ૭.૩૦ કલાકે મહાત્મા મંદિર ગેટ નં. પની સામેના સ્વર્ણિમ પાર્કમાં યોગ યોજાશે.

● સરગાસણ ચાર રસ્તા પાસે ઘનશ્યામસિંહ રાણાના નિવાસ સ્થાન-ફાર્મ હાઉસ પર ફુલોના ગરબા રાત્રે ૯ કલાકે યોજાશે.

● ગુજરાત સાહિત્ય અકાદમી અને શબ્દયાત્રા દ્વારા કવિ સંમેલન સાંજે ૭ કલાકે આંબેડકર હોલ સે-૧૨ ખાતે યોજાશે.

કુટિર અને ગ્રામોદ્યોગ કારીગરો માટે એનઆઈડીમાં તાલીમ વર્કશોપનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૮

કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ હેઠળ કાર્યરત ઈન્ડેક્ષ-સી દ્વારા ખ્યાતનામ સંસ્થાઓના સહયોગથી વંશપરંપરાગત વાંસકામ કારીગરો માટે નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ડીઝાઈન અમદાવાદ મારફતે તાલીમ વર્કશોપ શરુ કરાયો છે.

આ તાલીમ વર્કશોપનું ઉદઘાટન ઈન્ડેક્ષ-સીના કાર્યવાહક નિયામક પી.જી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રીમકોના ચેરમેન એમ.ડી. કણજારીયા, એમ.જે મહેતા-અમદાવાદ, એ.એ. પંડીત, પી.ટી. પરમાર તથા એનઆઈડીના નિયામક પ્રદ્યુમન બાસ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજયના તમામ વંશ પરંપરાગત કારીગરો, કુશળ કારીગરો, ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, સહિતના અન્ય વિભાગો સાથે સંકળાયેલ અંદાજીત ૩૦૦ જેટલા કારીગરોનું સ્કીલ અપગ્રેડેશન, આધુનિક સાધનો પુરા પાડવા તથા કુશળતામાં વધારો કરવા લેધરવર્ક, ભરતકામ અને પેચવર્કની તાલીમ આપવામાં આવી રહી છે.

વાવોલની એમ.ડી. શાહ પ્રા. શાળામાં વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર તાલુકાના વાવોલની એમ.ડી શાહ પ્રાથમિક શાળા ખાતે વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. આ ઈનામ વિતરણમાં શાળામાં વર્ષ દરમિયાન યોજાયેલ વિવિધ પ્રવૃત્તિઓ તથા રમતોના વિજેતાઓને સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે હેપ્પી યુથ કલબના પ્રમુખ સમીર રામી તથા સંસ્થાના સભ્યો રાજદીપસિંહ બિહોલા અને હિરેન પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના પ્રારંભે શાળાની બાળાઓએ સ્વાગત ગીત પ્રસ્તુત કર્યું હતું. આ ઈનામ વિતરણ સમારોહમાં શાળામાં સમગ્ર વર્ષ દરમિયાન યોજાયેલ રમતોત્સવ, વિજ્ઞાન મેળો, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેના વિજેતાઓને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન તેજસ્વીની ખૈરનારે કર્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્યા જાગૃતિબેન જાની તથા ઓ એસ સોનલબા ગોલે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

એલઆઈસીના કર્મચારીઓએ પડતર પ્રશ્નો અંગે એક કલાકની હડતાલ પાડી

સે-૧૧ જીવન વિમા નિગમની કચેરીએ બપોરે ૧૨.૪૫ થી ૧.૪૫ સુધી હડતાલ પાડીને સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરાયા

ગાંધીનગર, તા.૨૮

ભારતીય જીવન વીમા નિગમમાં ફરજ બજાવતા વર્ગ-૧, ૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને રાજય સરકાર દ્વારા છેલ્લા ઘણા સમયથી પગાર વધારો આપવામાં આવ્યો નથી. નિગમનું ખાનગીકરણ ન કરવું જેવા કેટલાક પડતર પ્રશ્નો મુદે જીવન વિમા નિગમ સે-૧૧ ગાંધીનગર વિભાગના અધિકારી - કર્મચારીઓ આજે બપોરે એક કલાકની હડતાલ પર ઉતર્યા હતા અને સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરીને રોષ વ્યકત કર્યો હતો.જયારે સરકાર દ્વારા એલઆઈસીના કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે ઝડપી ઉકેલ નહીં આવે તો કર્મચારીઓ આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

ભારતીય જીવન વિમા

નિગમમાં સરકાર દ્વારા વર્ષ ૧૯૯૫ થી વર્ગ-૩ અને ૪ ના કર્મચારીઓની ભરતી કરવામાં આવી નથી. સરકાર દ્વારા સત્વરે વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓની ભરતી કરવામાં આવે, નિગમનું ખાનગીકરણ અટકાવવામાં આવે તેમજ સરકાર દ્વારા દર પાંચ વર્ષે નિગમના કર્મચારીઓના પગારમાં વધારો કરવામાં આવે, કર્મચારીઓને વર્ષ ૨૦૧૭માં પગાર વધારો મળવો જોઈએ તે આજદિન સુધી મળ્યો નથી. ત્યારે કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આજદિન સુધી નિરાકરણ ન આવતા આજે સેકટર-૧૧ જીવન વિમા નિગમની કચેરીએ બપોરે એક કલાક ૧૨.૪૫ થી ૧.૪૫ સુધી હડતાલ પાડીને સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરીને કર્મચારીઓએ પોતાનો રોષ પ્રગટ કર્યો હતો. ભારતીય જીવન વિમા નિગમના અધિકારી-કર્મચારીઓના પડતર માંગણીઓને સરકાર દ્વારા ઝડપી ન્યાય નહીં આપવામાં આવે તો નિગમના કર્મચારીઓ આગામી સમયમાં ઉગ્ર આંદોલનનું રણશીંગુ ફુકે તો નવાઈ નહી..

વાતવાતમાં

● સચિવાલયના ગેટ નં. ૧ પાસેથી બાઈક પર પોતાની બહેનને બેસાડીને લઈ જતા પ્રેમીને જોઈ ભાઈએ પિત્તો ગુમાવતા બંનેને અટકાવી પ્રેમીને મેથીપાક ચખાડયો હતો. આ સમયે બહેને પ્રેમીને બચાવવા કહ્યું કે ભાઈ હું તો 'લીફટ' લઈને બાઈક પર બેઠી હતી ત્યારે ભાઈએ જવાબ આપ્યો કે, 'આ મેં તમને બંનેને ત્રીજી વાર સાથે પકડયાં છે, બધી વાર લીફટ તને આ જ આપે છે?'

આજે ગાંધીનગરમાં લોકરક્ષકોનો દિક્ષાંત પરેડ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર પોલિસ હેડ કવાર્ટર ખાતે આજે બિન હથિયારી લોકરક્ષકોનો દિક્ષાંત પરેડ સમારોહ યોજાશે.

ગાંધીનગર પોલિસ હેડ કવાર્ટર ખાતે તાલીમ હેઠળના બિન હથિયારી લોકરક્ષકોની પ્રથમ બેચના ૩૫૨ તાલીમાર્થીઓની તાલીમ પૂર્ણ થઈ છે. આ તાલીમાર્થીઓનો દિક્ષાંત પરેડ સમારોહ ૨૯મી માર્ચ ૨૦૧૮ના રોજ સવારે ૭ થી ૧૧ કલાક દરમિયાન પરેડ ગ્રાઉન્ડ, પોલિસ હેડ કવાર્ટર સે-૨૭ ગાંધીનગર ખાતે યોજાશે.

દિક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ પદે ગાંધીનગર રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા ઉપસ્થિત રહેશે તથા જિલ્લા પોલિસ વડા વિરેન્દ્રસિંહ યાદવ ઉપસ્થિત રહેશે.

મધુર ડેરીના ચેરમેન તરીકે શંકરસિંહ રાણાની બિનહરીફ વરણી

ગાંધીનગર, તા.૨૮

સહકારી મંડળીના નવા કાયદા અનુસાર સહકારી મંડળીના હોદેદારની મુદ્દત અઢી વર્ષની હોવાથી આજરોજ તા.૨૮-૩-૧૮ ના રોજ ચુંટણી અધિકારી, ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ અને પ્રાંત અધિકારી ગાંધીનગરના દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. નિયામક મંડળની બેઠકમાં નિયમ પ્રમાણેની કાર્યવાહી અને ચુંટણી પ્રક્રિયા બાદ સર્વાનુમતે શંકરસિંહ રામસિંહ રાણાને ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના ચેરમેન તરીકે બિનહરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. સતત પાંચ ટર્મથી ચેરમેન તરીકે ફરજ બજાવતા ડો. શંકરસિંહ રાણાને સર્વ નિયામક મંડળના સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા. બિન હરીફ વરણીની જાહેરાત બાદ સંઘના ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર ડો. અવનિકા રાવ તથા મધુર ડેરીના અધિકારી-કર્મચારીઓ પણ શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

ક-૭ સર્કલથી રાત્રે દારૂની હેરાફેરી કરતી ગાડી પકડાઈ

વિદેશી દારૂની ૧૪૨ બોટલો સાથે બોરીજનો બુટલેગર ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

રાંધેજા તરફથી ગાંધીનગર ખાતે વિદેશી દારૂનો જથ્થો ભરીને બોરીજનો શખ્સ ઈન્ડિગો ગાડી લઈને આવી રહ્યો હોવાની બાતમીને આધારે સે-૨૧ પોલિસે મોડી રાત્રે ક-૭ સર્કલ પાસે વૉચ ગોઠવીને દારુ સાથે હેરાફેરી કરતા બુટલેગરને દબોચી લીધો હતો. ૧૪૨ નંગ વિદેશી દારૂની બોટલો જપ્ત કરીને સે-૨૧ પોલિસે બુટલેગર કયાંથી માલ લાવ્યો અને કયાં લઈ જતો હતો તેની ઉંડી પુછપરછ શરુ કરી છે.

સેકટર-૨૧ પીઆઈની ટીમ ગઈ રાત્રે પેટ્રોલીંગમાં હતી દરમિયાન રાંધેજાથી ક-૭ સર્કલ થઈને ગાંધીનગરમાં દારૂનો જથ્થો ભરેલી જીજે ૦૧ ડી.વી. ૬૩૫૬ નંબરની ઈન્ડીગો ગાડી આવવાની છે તેવી બાતમી મળતા ટીમ ક-૭ સર્કલ પાસે રાત્રે વૉચમાં ગોઠવાઈ ગઈ હતી. બાતમીવાળી ઈન્ડીગો ત્યાંથી પસાર થતા ઉભી રાખીને અંદર ડેકીમાં તપાસ કરતા ગાડીમાંથી કુલ ૧૪૨ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. મુળ મહેસાણાનો અને હાલ ગાંધીનગરના બોરીજ ગામમાં જૈન દેરાસર વાળા વાસમાં રહેતા બુટલેગર જગદીશ કાન્તીપુરી ગોસ્વામીને પકડીને રૂ. ૫૬૮૦૦ની કિંમતનો દારૂ તથા ગાડી અને મોબાઈલ મળી કુલ રૂ. ૨,૫૮,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો છે. આ દારૂનો જથ્થો કયાંથી લાવ્યો હતો અને કયાં આપવા જતો હતો તે સહિતની ઉંડી પુછપરછ સે-૨૧ પોલીસ દ્વારા શરુ કરવામાં આવી છે.

ડભોડીયા હનુમાન મંદિરે હનુમાન જયંતિએ ૧૧૧૧ તેલના ડબ્બાનો અભિષેક કરાશે

ગાંધીનગર નજીકના ડભોડીયા હનુમાન મંદિરે ચૈત્ર પૂનમને ૩૧મી માર્ચ ૨૦૧૮ના રોજ હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

શનિવારે સવારે ૫ કલાકે હનુમાન દાદાનો મારૂતિ યજ્ઞ, સવારે ૯.૩૦ કલાકે જાજરમાન શોભાયાત્રા સવારે ૮.૩૦ કલાકે ૧૧૧૧ તેલના ડબ્બાનો અભિષેક, સવારે ૧૧.૪૫ કલાકે ધજા ચઢાવવામાં આવશે તથા ૧૨ કલાકે મહાઆરતી અને ૧૨.૩૦ કલાકે ૧૫૧ કિલોની કેક કાપવામાં આવશે. ભાવિકો માટે મહાપ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. શનિવારે હનુમાન જયંતિએ બપોરે ૧૨ થી ૧૨.૩૦ દરમિયાન આરતીનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

સે-૨૪માં રહેતી પરિણીતાનો ગળે ફાંસો ખાઈ આપઘાત

દહેજની માંગણી કરી આપઘાત કરવા મજબુર કરનાર પતિ, જેઠ, સાસુ અને નણંદ સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૨૮

શહેરના સેકટર-૨૪ ઈન્દિરાનગર વિસ્તારમાં રહેતી પરિણીતાએ ગઈ મોડી સાંજે પોતાના ઘરે જ ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધો હતો. આ પ્રકરણમાં મૃતક પરિણીતાના પિતાએ આજે સેકટર-૨૧ પોલિસ સ્ટેશનમાં સાસરીયાઓ સામે ફરિયાદ નોંધાવી છે. દિકરી પાસે દહેજ માંગી દહેજ બાબતે મેણા ટોણા મારીને શારિરીક-માનસિક ત્રાસ આપી દિકરીને આપઘાત કરવા પતિ, જેઠ સાસુ અને નણંદે મજબુર કર્યા હોવાની ફરિયાદ મૃતક દિકરીના પિતાએ આપતા સે-૨૧ પોલિસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

સેકટર-૨૪ ઈન્દિરાનગરમાં મકાન નં. ૨૯ ખાતે રહેતી પરિણીતા રાધાના સાતેક વર્ષ પહેલા જીતેન્દ્ર ઉર્ફે જીતુ મગનભાઈ પરમાર સાથે કોર્ટ મેરેજ થયા હતા. સે-૨૪માં રાધા તેના પતિ, સાસુ, જેઠ અને રીસાઈને આવેલી નણંદ સાથે રહેતી હતી. ગઈ કાલે પોતાના ઘરે જ રાધાએ ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. સે-૨૧ પોલિસે મૃતદેહ પી.એમ. કરાવીને અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે. દરમિયાન આજે મૃતક દિકરીના પિતા વિનુભાઈ દુદાભાઈ મારુએ દિકરીને આપઘાત કરવા મજબુર કરનાર સાસરીયાઓ સામે ફરિયાદ નોંધાવી છે. તેમણે આપેલી ફરિયાદ મુજબ સાસરીયાઓ દહેજ બાબતે મેણા ટોણા મારી ત્રાસ આપતા હતા. અઢી લાખ રૂપિયા જમાઈને તબક્કાવાર આપ્યા હોવા છતાં ત્રાસ ચાલુ રાખ્યો હતો. પતિ, જેઠ, સાસુ અને નણંદ સામે આપઘાતના દુષ્પ્રેરણ બદલ ફરિયાદને પગલે સે-૨૧ પોલિસે ગુનો દાખલ કરી તટસ્થ તપાસ આરંભી છે.

આજે શહેરમાં હાટકેશ જયંતિની ભવ્ય ઉજવણી

સે-૧૭માં નર્મદેશ્વર મહાદેવ ખાતે લઘુરૂદ્ર હોમાત્મક યજ્ઞ ઉપરાંત હાટકેશ દાદાની શોભાયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં તા. ૨૯મી માર્ચ ગુરુવારના રોજ હાટકેશ દાદાની જયંતિ ધામધૂમથી ઉજવાશે. શહેરના વિસનગરા નાગર પરિવારો દ્વારા સે-૧૭માં નર્મદેશ્વર મહાદેવના મંદિરે તથા ઈષ્ટદેવ હાટકેશ દાદાની જયંતિએ શોભાયાત્રા સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

નાગરોના ઈષ્ટદેવ હાટકેશ દાદાની જયંતિ પ્રસંગે સેકટર-૧૭માં સ્ટાફ ટ્રેનિંગ કોલેજ સંકુલ ખાતે સ્થિત નર્મદેશ્વર મહાદેવના મંદિરે લઘુરૂદ્ર હોમાત્મક યોજાશે. વિસનગરા નાગર પરિવાર દ્વારા અહીં સવારે હાટકેશ દાદાની પાલખી પધરાવવામાં આવશે અને સાંજે હાટકેશ દાદાની શોભાયાત્રા કાઢવામાં આવશે જે નર્મદેશ્વર મહાદેવના મંદિરેથી સે-૨૨ શોપીંગ સેન્ટર થઈ પંચદેવ મંદિરે પહોંચી ત્યાંથી પરત ફરશે. આ શોભાયાત્રામાં શહેરના વિસનગરા નાગર પરીવારો મોટી સંખ્યામાં જોડાશે અને જય હાટકેશના નારા સાથે દાદાના દર્શન કરશે.

માર્ચ આખરમાં વાર્ષિક હિસાબો કલીયર કરવા દોડધામ

ગાંધીનગર, તા.૨૮

વર્ષ ૨૦૧૭-૧૮ના નાણાંકીય વર્ષને પુર્ણ થવામાં હવે ફકત ત્રણ દિવસ બાકી છે ત્યારે જીએસટી સહિત ટેક્ષ માળખામાં થયેલા ફેરફારની ગણતરી આટોપી લેવા લોકોની દોડધામ વધી ગઈ છે. જુના વર્ષોના રીટર્ન ભરવા માટે અંતિમ તારીખ ૩૧મી માર્ચ છે જયારે વર્તમાન નાણાંકીય વર્ષમાં ભરવાનો થતો ટેક્ષ ૩૧મી માર્ચ સુધીમાં ભરપાઈ કરવાનો છે પરંતુ રીટર્ન ભરવા માટે નોકરીયાત વર્ગને ૩૧મી જુલાઈ નક્કી કરાઈ છે. જો કે વાર્ષિક હિસાબો સરભર કરી નફા-નુકસાનનો અંદાજ મેળવી લેવો તે માર્ચની અંતિમ તારીખે અનિવાર્ય બન્યો છે. જેમાં વેપારી વર્ગ નાણાંકીય સંસ્થાઓ તથા બેન્કોમાં ધમધમાટ વર્તાઈ રહ્યો છે. હિસાબો લખવા રાખેલા મહેતાજી, એકાઉટન્ટકે સી.એ.ના સતત સંપર્કમાં રહી બેંક સ્ટેટમેન્ટ તેમજ બાકી ખર્ચ બિલ વગેરેને એકઠા કરવામાં મશગુલ વેપારી વર્ગ અને વ્યવસાયિકોએ હાલ અન્ય કામો બાજુમાં રાખી દીધા છે.

જીએસટી સહિત ટેક્ષ માળખામાં થયેલા ફેરફારના હિસાબો કરવા હવે ફકત ત્રણ દિવસ નોકરીયાત વર્ગ પણ ગણતરીમાં ગળાડુબ

બીજી તરફ નોકરીયાત વર્ગ પણ વાર્ષિક મળતો પગાર અને આ પગારમાંથી થતી કપાત વગેરેની ગણતરીમાં ગળાડુબ બન્યો છે. નોકરીયાત વર્ગને જે તે સંસ્થા, કંપની, સરકારી કચેરી કે રોજગારી કેન્દ્રમાંથી મળતો પગાર ઓન ધ રેકર્ડ જ હોઈ કપાત અને રોકાણ હોય તે ગણતરીમાં લઈ ભરવાનો થતો ટેક્ષ ૩૧ માર્ચ સુધી ભરપાઈ કરવો અનિવાર્ય છે. જેથી કરપાત્ર નોકરીયાત વર્ગ એલઆઈસી, પોષ્ટ, બેંક, મ્યુચ્યુઅલ ફંડ વગેરેમાં રોકાણ કરવા અંગેની મથામણમાં પડયો છે. જો કે ઉચ્ચ અધિકારીઓ અને ઉંચા પગારદારો માટે મિલકત સામે લીધેલી લોનનું વ્યાજ ખૂબ જ મોટી રાહત આપતું હોઈ હાઉસિંગ લોન વધારે પસંદગી બની છે. જો કે આવકવેરા ઓફિસોએ કરદાતાઓ રીટર્ન ભરી શકે તે માટે ૨૯ થી ૩૧ માર્ચ સુધી ખુલ્લી રાખવાનો નિર્ણય લીધો છે.

સ્વામી યોગાનંદ વિદ્યાલયમાં વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

વિદ્યાર્થીઓમાં છુપાયેલી શકિતને ઉજાગર કરી તેનો સર્વાંગી વિકાસ થાય તે માટે શાળામાં સહભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત સ્વામી યોગાનંદ વિદ્યાલયમાં રમત-ગમત, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ, કવીઝ, સ્લોગન, મહેંદી, રંગોળી, શ્રુતલેખન, ચિત્ર, ગીત ગરબા હરિફાઈઓ યોજાયેલ હતી. જેમાં વિજેતા થયેલ ૧૦૨ વિદ્યાર્થીઓમાં વ્યાયામવીર, વીરબાળા તેમજ દિવ્યાંગ બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ટ્રસ્ટી પૂજય જ્ઞાનપ્રકાશ શાસ્ત્રી સ્વામીએ ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવ્યા હતા. મુખ્ય મહેમાન અમૃતભાઈ પટેલ અને હિમાંશુભાઈ પારેખના હસ્તે ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. અમૃતભાઈએ બાળપણ વિષે સમજાવ્યું હતું. આચાર્ય ગોવિંદભાઈ નસીત, એ.પી. પટેલ, મીતલબેન પટેલે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. કલ્પનાબેન અને વિષ્ણુભાઈએ આભારદર્શન કર્યું હતું.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર મહોબતજી બબાજી, ઉ.વ. ૪૯
- સ્વ. ત્રિવેદી ચંદનબેન જગન્નાથ, ઉ.વ. ૮૯
- સ્વ. રાધાબેન જીતેન્દ્રભાઈ પરમાર, ઉ.વ. ૩૨